CS (MAIN) EXAM, 2011

Serial No. | F-DTN-L-SAD-E

pg. 8. missing

# GUJARATI

## (Compulsory)

*Time Allowed : Three Hours* | *Maximum Marks : 300*

## INSTRUCTIONS

*Candidates should attempt **ALL** questions. The number of marks carried by each question is indicated at the end of the question.*

*Answers must be written in **Gujarati**, unless otherwise directed.*

*Prescribed word limit must be followed for Q. No. **3**.*

*The precis must be attempted **only** on the special precis sheet attached to this question paper.*

*These precis sheets are to be carefully detached from the question paper and securely attached to the answer book.*

1. નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આશરે **300** શબ્દોમાં નિબંધ લખો :— 100

(A) રાજકારણ અને વ્યક્તિગત નીતિમત્તા.

(B) સામાજિક પ્રગતિનું ચાવીરૂપ ચાલકબળ : ધર્મ કે વિજ્ઞાન ?

(C) સૌને માટે ભોજન : લોકશાહી વ્યવસ્થા સામેનો પડકાર.

(D) ઝડપની સંસ્કૃતિ : ઘાતકતા અને ગુનાખોરીનું ઉદ્‌ભવસ્થાન.

(E) આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની માનવદિમાગના સહાયક તરીકેની ભૂમિકા.

2. નીચેનો ગદ્યખંડ કાળજીપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના મુદાસર, સંક્ષિપ્ત અને સચોટ ઉત્તરો આપો :— 6×10=60

આપણે અત્યારે ઝડપી ઔદ્યોગિકીકરણનાં તબક્કામાંથી પસાર થઈ રહ્યાં છીએ અને આપણા ઉદ્યોગોમાં અનેક માણસોને રોજગાર મળે છે. આપણે ત્યાં કટાક્ષમાં એવું કહેવાય છે કે અહીં નોકરી મેળવવા માટે તમે 'શું' જાણો છો તેના કરતાં તમે 'કોને' જાણો છો તે વધારે જરૂરી છે ! ઉત્તમ પરિણામપ્રાપ્તિ માટે ગુણવત્તાનું મહત્ત્વ કે ગુણવત્તાની ભૂમિકા આપણે સ્વીકારતા નથી. આપણા શિક્ષણમાં ગુણવત્તાયુક્ત કેળવણીનું ઘણું મહત્વ છે પરંતુ ગુણત્તાયુક્ત કેળવણી લીધા પછી પણ એનું યોગ્ય વળતર નં મળે લોકોના મનમાં ગુણવત્તા માટે અનાદર જન્મે છે. આને લીધે એકબાજુ ગુણવત્તાયુક્ત કેળવણી પદ્ધતિને પોષણ મળે છે તો બીજી બાજુ આ પ્રકારની કેળવણી સામે વિદ્રોહ કરવાની પણ લાગણી જન્મે છે.

જ્યારે એક સેતુ કે રસ્તાનું નિર્માણ કરવામાં આવે છે ત્યારે એવી અપેક્ષા રખાય છે કે એમાં યોગ્ય માત્રામાં રેતી, સિમેન્ટ, ચૂનો વગેરે વાપરવામાં આવે જેથી એ ટકાઉ અને મજબૂત બને. પણ આપણો અનુભવ તો આ અંગે કંઈક જુદી જ કથા કહે છે ! આપણે સાંભળીએ છીએ કે નવા જ બનેલા બંધમાં તિરાડો પડી ગઈ છે કે નવો જ બનેલો રસ્તો પહેલા જ વરસાદમાં ધોવાઈ ગયો છે ! આ આખીય બાબત ગુણવત્તાનિયંત્રણની સાથોસાથ માણસની જવાબદારીની ભાવના સાથે પણ જોડાયેલી છે.

દુર્ભાગ્યે, લોકશાહી પદ્ધતિની કેટલીક મર્યાદાઓ છે. અહીં ગુણવત્તા પદ્ધતિસર ઉપેક્ષિત થાય છે અને લોકોને કહેવાની તક મળે છે કે આ દેશમાં ગુણવત્તાનું કોઈ મૂલ્ય નથી.



(Contd.)

આને લીધે એક એવી લાગણી પણ જન્મે છે કે જાહેર કાર્યાલયો અને જાહેર સાહસો ગુણવત્તા, કાર્યક્ષમતા અને નૈતિક યોગ્યતા વિના જ ચાલતા હોય છે.

**પ્રશ્નો :–**

(૧) સારી નોકરી સહેલાઈથી મળી જશે એવું લોકો કેમ ધારી લે છે ?

(૨) ગુણવત્તા પ્રત્યેનો આદર આપણે ક્યારે ગુમાવી બેસીએ છીએ ?

(૩) ગુણવત્તા પ્રત્યેના અનાદર અને ઉપેક્ષાની કેવી ખરાબ અસર થાય છે ?

(૪) લોકોની જવાબદારીની ભાવના પ્રત્યે આપણને માન ન ઉપજે ત્યારે શું થાય છે ?

(૫) ગુણવત્તા, કાર્યક્ષમતા અને નૈતિક યોગ્યતાની ઉપેક્ષાનું કારણ શું છે ?

(૬) અધોરેખિત (અન્ડરલાઈન) કરેલા શબ્દપ્રયોગો તમારા શબ્દોમાં વ્યક્ત કરો.

3. નીચેના ગદ્યખંડનો આશરે **190—210** શબ્દોમાં સંક્ષેપ કરો. શબ્દસંખ્યા ઉપર જણાવેલ મર્યાદાથી વધી જશે તો ગુણાંક કપાશે. **150** થી ઓછા કે **250** થી વધુ શબ્દો વપરાયા હશે તો ગુણાંકન કરવામાં નહીં આવે :— 60

મારા પિતાજીએ રાજકોટના રાજદરબારની નોકરી સ્વીકારી પોરબંદર છોડ્યું ત્યારે હું લગભગ સાત વર્ષનો હોઈશ. રાજકોટમાં મને એક પ્રાથમિક શાળામાં દાખલ કરાયો જ્યાં મને ભણાવતા

શિક્ષકોના અને સહપાઠીઓના નામો સહિતની વિગતો મને આજે પણ યાદ છે. શું પોરબંદર કે શું રાજકોટ—મારા શિક્ષણ વિશે ભાગ્યે જ કશું નોંધપાત્ર છે ! હું એક સાધારણ વિદ્યાર્થી જ હતો.

અહીથી મને પરાંની એક શાળામાં અને ત્યાંથી હાઈસ્કૂલમાં ભણવા મૂક્યો ત્યારે મારી ઉંમર ૧૨ વર્ષ હતી. આ દરમ્યાન હું ક્યારેય મારા સહપાઠીઓ કે શિક્ષકો સમક્ષ જૂઠું બોલ્યો હોઉં એવું મને યાદ નથી. હું ઘણો જ શરમાળ અને લગભગ એકાંતપ્રિય હતો. બસ, મારું ઘરકામ (લેસન) અને મારા પાઠ્યપુસ્તકો જ મારા સાથી હતાં. શાળા શરૂ થવાનો ઘંટ વાગે ત્યારે પહોંચી જવું અને શાળાએથી છૂટીને ઘેર આવવું એ મારો નિત્યક્રમ હતો. શાળા પૂરી થતાં જ હું લગભગ ઘરભણી દોડવા લાગતો કેમ કે કોઈની સાથે વાત કરવાનું મને ગમતું નહીં. મારી આ ટેવની કોઈ મજાક ઉડાવશે એવો મને ડર પણ લાગતો નહીં.

હાઈસ્કૂલમાં મારા પહેલા વર્ષની પરીક્ષા દરમ્યાન એક બનાવ બન્યો જે નોંધવા જેવો છે. મિ. ગિલ્સ નામના કેળવણી નિરીક્ષક શાળાની મુલાકાતે આવ્યા. એમણે અમને પાંચ શબ્દો જોડણી તપાસવા માટે આપ્યા. આમાનો એક શબ્દ હતો Kettle જેની જોડણી મેં ખોટી લખેલી. મારા શિક્ષકે મને બૂટની અણી અડાડીને, હોઠ ફફડાવીને મને સાચો સ્પેલિંગ કહેવાનો પ્રયત્ન ર્ક્યો પણ મેં ધ્યાન જ ન આપ્યું. એમણે મને મારી બાજુમાં બેઠેલા વિદ્યાર્થીની પાટીમાંથી નકલ કરવાનો પણ સંકેત ર્ક્યો પણ મને એમ લાગ્યું કે તેઓ અમારી નકલ પ્રવૃત્તિ રોકવા માટે જ અમારી પાસે ઊભા છે. પરિણામ એ આવ્યું કે મારા સિવાય બધાં જ છોકરાઓએ સાચા સ્પેલિંગ લખ્યા, ફક્ત હું જ મૂર્ખ સાબિત થયો! શિક્ષકે આ વાત મારા ઘરનાને પણ જણાવી છતાં હું કયારેય "નકલ કરવાની કળા" શીખી શક્યો નહીં !



(Contd.)

જો કે આને લીધે મારો શિક્ષક પ્રત્યેનો આદર તો ઓછો થયો જ નહીં, કેમકે મારી પ્રકૃતિ જ મોટાઓની ભૂલો પ્રત્યે આંખ આડા કાન કરવાની હતી. પાછળથી મને આ શિક્ષકની ઘણી મર્યાદાઓ જાણવા મળી છતાં મારો એમના પ્રત્યેનો આદર યથાવત રહ્યો કેમ કે મોટાઓની, વડીલોની આજ્ઞા પાળવાના અને એમની મર્યાદાઓની નોંધ નહીં લેવાના સંસ્કાર મને ગળથૂથીમાંથી જ મળ્યાં હતાં.

આ શાળાનાં બીજા બે સ્મરણો પણ મારા ચિત્તમાં કાયમ માટે રહી ગયાં છે. મને પહેલેથી જ પાઠ્યપુસ્તકો સિવાય કશું જ વાંચવાનું ગમતું નહી. મારે રોજનું લેસન તો કરવું જ પડતું અને મારા શિક્ષક દ્વારા મને ઠપકો ન મળે તે માટે હું સભાન રહેતો. આથી ઘણીવાર હું લેસન તો કરતો પણ મારું ધ્યાન એમાં રહેતું જ નહીં. આમ, હું ઘરકામ જ સરખું કરતો નહીં તેથી ઈતરવાચનનો તો પ્રશ્ન જ રહેતો ન હતો. પરંતુ એક દિવસ મારી નજર મારા પિતાએ લાવી આણેલા 'શ્રવણભક્તિ નાટક' પર પડી. હું આ નાટક રસપૂર્વક વાંચી ગયો. લગભગ આ જ સમયે ચિત્રો વેચતો એક ફેરિયો અમારે ત્યાં આવ્યો જેની પાસે અંધ માતાપિતાને કાવડમાં બેસાડીને લઈ જતા શ્રવણનું ચિત્ર હતું અને એ શ્રવણની ભક્તિનું કરુણગીત પણ ગાતો હતો. આ નાટક અને આ ચિત્રની મારા મન પર ઘણી ઊંડી અસર પડી. ''આ ઉદાહરણની તો નકલ કરવા જેવી છે'' એમ મેં મારી જાતને કહ્યું. શ્રવણના મૃત્યુ પછી એના માતાપિતાએ કરેલી અસહાયતાની અનૂભૂતિ આજે પણ મારી સ્મૃતિમાં તાજી છે. આ 'શ્રવણભક્તિ નાટક' ના અંતમાં આવતા કરુણ ગીતે મને અંદરથી હચમચાવી નાખ્યો. આ ગીત મેં મારા પિતાએ મને અપાવેલા રમકડાંના વાજા પર વગાડ્યું પણ ખરું.



***

(Contd.)

4. નીચેના પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર કરો :— 20

Tulasidas's imagery covers a vast range. No poet of medieval period — not even his great contemporary Surdas — can vie with Tulasidas in respect of the infinite variety of imagery employed by him. He has collected his images from peasant life, court life, priestly environments, rural and civic life, philosophical treatises, literary classics, mythological works and folk literature. His poetry is a vast gallery of all kinds of images ranging from exquisite miniature paintings to large frescoes. Normally he likes simple and integrated images, but is quite capable of creating complex imagery as well. What he seems to abhor is a truncated image of which we can hardly search out a single example. His whole poetic creation is an endless endeavour to give a concrete tangible form to the abstract — to impart physical charms and mental qualities of human personality to an absolute concept. Actually the very conception of Personified Godhood is a grand exercise in image-making. In this context, what is of special relevance to the modern reader in Tulasidas's art is his unconventional approach to literary-cultural tradition and religion. A number of poets in other Indian languages have also produced great literature in this regard, but Tulasi appears to have surpassed them all.

5. નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો :— 20

જીવનનું સર્જન, વિકાસ અને રક્ષણ પ્રકૃતિ પર આધારિત છે તે વાત સ્વાભાવિક છે. પ્રકૃતિમાં જંગલો, વૃક્ષો, જીવજંતુઓ, પશુપંખીઓ અને અન્ય પ્રાણીઓનું અનેરું મહત્વ છે. વાસ્તવમાં માનવજીવનનું અસ્તિત્વ જ વૃક્ષો અને જંગલો પર આધારિત છે. વૃક્ષો જમીનનું ઘણીબધી રીતે રક્ષણ કરે છે. વૃક્ષોનાં મજબૂત મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવીને તેને મજબૂત રીતે પકડી રાખે છે. ઉત્તુંગ પર્વતોને મજબૂત રીતે ટકાવી રાખવાનું કામ કેવળ વૃક્ષો વડે જ શકય છે. જંગલો પક્ષીઓ અને પ્રાણીઓનું રક્ષણ કરે છે અને એને કારણે જ પર્યાવરણનું રક્ષણ કરી શકાય છે. તેઓ જ વરસાદનું કારણ છે. જ્યાં મોટી સંખ્યામાં વૃક્ષો હોય ત્યાં ખૂબ વરસાદ પડે છે પણ રણ તો વરસાદ માટે ઝંખ્યા જ કરે છે. વરસાદને કારણે પાક લેવાનું શકય બને છે અને પાક માનવને જીવન આપે છે. પશુઓ વૃક્ષના પાંદડાને ઘાસના સ્વરૂપે ખાઈ શકે છે. આપણે વૃક્ષ પાસેથી ઈમારતી લાકડું અને બળતણ મેળવીએ છીએ. વૃક્ષો પાસેથી મેળવાયેલું ઈમારતી લાકડું રેલ્વે, જહાજો, હવાઈ જહાજ વગેરે પરિવહન માટે ઉપયોગી છે. વૃક્ષો તો વિવિધ પ્રકારની ઔષધિઓ, ગુંદર, કાગળ, દીવાસળી, વિવિધ પ્રકારના તેલ તથા પોષક ફળોના અક્ષયપાત્ર છે. વૃક્ષનો શીતલ છાંયો સૂર્યતાપથી રાહત આપે છે. તેના ફૂલોની મધુર સુગંધ આપણા મનમાં તાજગી ભરી દે છે.

6. (A) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :— 10

(i) બધા ધર્મો માટે સમાન ભાવ હોવો તે.

(ii) પશુઓને પાળનાર.

(iii) જેને કશો આધાર નથી તેવું.



(Contd.)

(iv) દૂર સુધી જોવા માટેનું યંત્ર.

(v) પ્રજા માટેનું રાજકીય તંત્ર.

(vi) બુદ્ધિનાં ચક્ષુ જેના ખુલી ગયા છે તે.

(vii) ગ્રહ-નક્ષત્રોના આધારે ભવિષ્ય જોનાર.

(viii) તડકાથી બચવા કપાળે ધરાતી હથેળી.

(ix) જમીનનો જે અધિપતિ છે તે.

(x) જે નિવારી શકાય તેવું નથી તે.

(B) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો :— 20

(i) નેવાંના પાણી મોભે ચડાવવા.

(ii) પેટમાં તેલ રેડાવું.

(iii) પગે પાણી ઉતરવા.

(iv) બે પાંદડે થવું.

(C) નીચેના શબ્દોની જોડણી સુધારો :— 10

શવીસેરા, દીલગિરી, વીચીત્રવિણા, ગૂણવીભાજન, સૂરકશાવીષયક, પરીપુર્ણતા, પ્રસ્નચીન્હ, ભુમીતીવીવરણ, વડીલોપારજીત, વીધાભ્યાષ.

Sr. No.

**F–DTN–L–SAD–E**

अपना अनुक्रमांक इन पत्रकों पर न लिखें

DO NOT WRITE YOUR ROLL NO. ON THESE SHEETS

# GUJARATI
## (Compulsory)

सार लेखन के लिए विशेष पत्रक

**SPECIAL SHEETS FOR PRECIS**

इस पत्रक के दोनों ओर लिखिए। प्रत्येक खण्ड में एक शब्द और प्रत्येक पंक्ति में पांच शब्द लिखिए। अपने उद्धरण में सामान्य रूप से विराम आदि चिन्ह लगाइए और यदि आवश्यक हो तो प्रत्येक पैराग्राफ के अन्त में एक पंक्ति खाली छोड़ते हुए इसे पैराग्राफों में विभक्त कीजिए। यदि चाहें तो उत्तर-पुस्तिका के साधारण कागज पर पहले एक कच्चा प्रारूप तैयार कर सकते हैं। अपनी उत्तर-पुस्तिका दे देने से पहले कच्चे कार्य को आर-पार पंक्ति डालकर काट दिया जाना चाहिए। आप सारपत्रक को अपनी उत्तर-पुस्तिका के अन्दर सुरक्षित रूप से बांध दीजिए।

**Use both sides of this sheet. Write one word in each division and five words in each line. Punctuate your passage in the usual way and divide it into paragraphs, if necessary, leaving a line blank at the end of each paragraph. You may make a rough copy first, if you so wish, on ordinary paper in the answer-book. The rough work should be scored through before you hand over your answer-book. You should fasten the precis sheet securely inside your answer-book.**

| शीर्षक Title | | | | | इस हाशिए में न लिखें Do not write on this margin |
|---|---|---|---|---|---|
| | | | | | |

[कृ.पृ.उ./P.T.O.]

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | 70 |
| | | | | | 80 |
| | | | | | 90 |
| | | | | | 100 |
| | | | | | 110 |
| | | | | | 120 |
| | | | | | 130 |
| | | | | | 140 |
| | | | | | 150 |
| | | | | | 160 |
| | | | | | 170 |
| | | | | | 180 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | 190 |
| | | | | | 200 |
| | | | | | 210 |
| | | | | | 220 |
| | | | | | 230 |
| | | | | | 240 |
| | | | | | 250 |
| | | | | | 260 |
| | | | | | 270 |
| | | | | | 280 |
| | | | | | 290 |
| | | | | | 300 |